1. સ્વદેશી આંદોલનથી રાષ્ટ્રીય શિક્ષણ પર શી અસર થઈ હતી ?

- બંગભંગની લડતમાં વિદ્યાર્થીઓએ આગળ પડતો ભાગ લીધો હતો. આથી તેમને સામૂહિક દેડથી શરૂ કરીને બરતરફ કરવા સુધીનાં પગલાં લેવામાં આવ્યાં હતાં. આથી બંગાળમાં રાષ્ટ્રીય શાળાઓ સ્થાપવામાં આવી. ઈ.સ. 1907માં બંગાળમાં 25 રાષ્ટ્રીય માધ્યમિક શાળોઓ અને 300 રાષ્ટ્રીય પ્રાથમિક શાળાઓ હતી. આ સમય દરમિયાન રવિન્દ્રનાથ ટાગોરની શાંતિનિકેતન વિદ્યાપીઠ વિકાસ પામી હતી.

2. આત્યંતિક રાષ્ટ્રવાદ એટલે શું? સમજાવો.

- આત્યંતિક રાષ્ટ્રવાદ એટલે ક્રાંતિકારી પ્રવૃત્તિઓ, ભારતના કેટલાક યુવાનોએ આઝાદી મેળવવા માટે શસ્ત્રો અને બોમ્બનો ઉપયોગ કરીને ક્રાંતિકારી ચળવળ શરૂ કરી હતી. ભારતના રાજકારણમાં આ સમયને ''બોમ્બની આરાધનાનો યુગ'' કહેવામાં આવે છે.